सत्यमेव जयते

દાખલ તારીખ :
રજીસ્ટરતારીખ :
ફૈસલ તારીખ : ૦૮–૦૩–૨૦૧૮
સમયગાળો : વર્ષ – માસ – દિવસ

**મે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી જે.એસ.શાહ સાહેબની કોર્ટમાં**
**જી.નર્મદા ,મુ. રાજપીપલા**

ક્રિમીનલ કેસ નંબર :૧૪૦૪/૨૦૦૦
આંક :

ફરીયાદી : એનફોર્સમેન્ટ ઓફિસર,રીજીયોનીલ ફંડ કમીશ્નર કચેરી,સુરત

વિરૂધ્ધ

આરોપીઃ(૧) ગુજરાત સ્પીનીંગ લિ.(ઈન્ડીયા લિ.)
(૨) શ્રી આર.સી.બગરોડીયા(એમ.ડી.)
(૩) શ્રી બી.કે.અમલેથા(ઓડયુપાયર)
(૪) શ્રી જે.ડી.પટેલ(મેનેજર)
તમામ રહેઃજી.એસ.એલ.ઈન્ડીયા લિ.આમલેથા,તાઃનાંદોદ,જી.ભરૂચ

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પી.ડી.લીમ્બાચીયા
આરોપી તરફે વિ.વ.શ્રી એસ.કે.જોષી

ગુનોઃ એમ્પલોઈઝ પ્રો.ફંડ એકટ અને મીસેલીનીયસ પ્રોવીઝન્સ એકટ ૧૯૫૨ની કલમ– ૬,૬એ અને ૬ સી મુજબ

**ચુકાદો**

**સદર કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,**

૧ ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપીઓએ સદરહુ સંસ્થાના સભ્યોનો અને માલીકનો પ્રો.ફંડ અને ફેમીલી પેન્શન ફંડનો ફાળો તેમજ ઈન્સ્યોરન્સ ફંડનો માલીકે ભરવાનો ફાળો તેમજ પ્રો.ફંડ અને ઈન્સ્યોરન્સ ફંડનો વહીવટી ખર્ચનો ફાળો દરેક માસમા જે માસમા લાગુ પડતો હોય તે માસ પછીના મહીનાની તાઃ૧૫મી સુધીમા જમા કરાવવાનો હોય જે રકમ વારંવાર જણાવ્યા છતાં સદરહુ સંસ્થાએ નહી ભરી એમ્પલોઈઝ પ્રો.ફંડ એકટ અને મીસેલીનીયસ પ્રોવીઝન્સ એકટ ૧૯૫૨ની કલમ– ૬,૬એ અને ૬ સી અન્વયે ગુનો કરેલાની ફરીયાદ આપેલ છે.

૨. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેઓને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વ્યે કેસ પેપર્સની નકલ આપ્યા બાદ સદર કામે વરસોવરસ સુધી ફરીયાદી ન આવતા મુળ ફરીયાદી મરણ ગયેલ હોય શાખાના અધીકારીને હાજર રાખી આકઃ૨૦થી જવાબ આપેલ છે. તથા આકઃ૨૧થી આરોપી તરફે વિભાગે હપ્તા કરી આપેલાનો પત્ર તથા તેવા હપ્તા ભરાય ગયેલાના વાવચરની કોપી રજુ થયેલ છે. જે મુજબ આરોપીએ રકમ ભરી દીધેલ છે. અને આકઃ૨૨થી ચાર્જના પુરાવા માટે જુબાની આપેલ છે તે જોતા વિભાગે હપ્તા કરી આપેલા છે. તે હપ્તા પૈકી ૬ હપ્તા વેરીફાય થતા નથી. પરંતુ આરોપીએ તે હપ્તા બેંકમા ટ્રાન્સફર વાવચરથી ભરેલાના સ્વીકાર કરેલ છે. પરંતુ તેનુ બેંક ધ્વારા ઈપીએફ વિભાગમા વેરીફીકેશન થતુ નથી. તેમ જણાવેલ છે. તથા જવાબમા પણ એવા હપ્તા વેરીફાય થયેથી મેટરમેબી ફાઈનાલાઈઝ તેમ જણાવેલ છે.

૩. સદર કામે આકઃ૨૨થી આરોપીના ચાર્જના પુરા બાદ ચાર્જ અંગે ચાર્જફ્રેમ કરવાપાત્ર ન હોય ડીસ્ચાર્જ અરજી આકઃ૨૩થી આપેલ છે અને ફરીયાદપક્ષે આકઃ૨૦થી થયેલ જવાબ તથા આકઃ૨૨ની જુબાની પર આધાર રાખેલ છે. અને તે રીતે ચાર્જફ્રેમ થઈ શકે તેટલો પુરાવો જ ન હોય અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

૪. સદર કામે આકઃ૨૩ની ડીસ્ચાર્જની અરજી પર ફરીયાદી તથા એ.પી.પી.શ્રીએ રેકર્ડ મુજબ ધ્યાને લઈ યોગ્ય કરવા રજુઆત કરેલ છે.

૫. સદર કામે આરોપી ઉપર પી.એફ. એકટની કલમનો ભંગનો આક્ષેપ

છે પરંતુ આરોપી તરફે તેવા ભંગ બાદ તે વિભાગે હપ્તા કરી આપેલાનું અને તેવા હપ્તા ભરાઈ ગયેલાની સ્પષ્ટપણે રેકર્ડ પર આધાર મળતો હોય અને જવાબમા પણ તેવા હપ્તા ભર્યેથી મેટર ફાઈનાલાઈઝ કરી શકાશે તે રીતેનો જવાબ આપેલ હોય રેકર્ડ પર સ્પષ્ટપણે આધાર મળતો હોય અને હાલ તે રીતે રકમ ભરાય ગયા વિરૂધ્ધ અન્ય કોઈ રજુઆત ન હોય આક્ષેપીત ગુના સબબ દલીલ ખાતર ચાંર્જ કરવામાં પણ આવે તો ભવિષ્યમા ફરીયાદ વિભાગ ધ્વારા હપ્તા કરી રકમ જમા લીધેલાના રેકર્ડ પર આધાર  હોય તે સંજોગોમાં તેવા હપ્તા વિભાગે જ કરી આપેલા હોય ટ્રાયલના અંતે પણ કોઈ ફળદાયી પરીણામ મળે નહી તથા હાલ થયેલી જુબાની જોતા પણ ચાર્જ ફ્રેમ થઈ શકે તેટલો પુરાવો જણાતો ન હોય તે સંજોગોમાં આરોપીઓની ડીસ્ચાંજ અરજી મંજુર કરવામા આવે છે અને આરોપીઓને સદર કામે ડીસ્ચાંજ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખઃ૮ મી,માર્ચ–૨૦૧૮ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખઃ૦૮/૦૩/૨૦૧૮
રાજપીપલા

(જતીનકુમાર શાંતિલાલ શાહ)
ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ
જી.નર્મદા,મુ.રાજપીપલા